## મહેસાણાની મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એમ.એમ.અગ્રવાલ સમક્ષ.

**રેફરન્સ (એલ.સી.એમ.) નં. ૫૫/૨૦૧૭**
**આંક–૨૦**

પ્રથમ પક્ષકાર – ચીફ ઓફિસરશ્રી,
વિસનગર નગરપાલીકા, મુ.વિસનગર, જી. મહેસાણા.

**// વિરૂધ્ધ //**

બીજા પક્ષકાર – ઠાકોર વિનુજી ખોડાજી,
આથમણો ઠાકોરવાસ, ત્રણ દરવાજા,
મુ.વિસનગર, જી.મહેસાણા.

**વિષય – આઈ.ડી.એકટની કલમ–૧૦(૧)સી અન્વયે ન્યાય નિર્ણય કરવા અંગે**

**<u>પ્રતિનિધિત્વ</u> –**
પ્રથમ પક્ષકાર તરફે – વિ.વકીલશ્રી વી.એસ.ત્રિવેદી.
બીજા પક્ષકાર તરફે – વિ.પ્રતિનિધિશ્રી આર.કે.ચૌધરી.

### ઃ– એવોર્ડ ઃ–

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રી મહેસાણાએ તેમના તા.૧૦/૧૦/૨૦૧૭ ના હુકમ નં. કે.એચ/એસ. એચ.એમ.સી./એજે/૧૧૩/૨૦૧૭ થી અત્રેની અદાલતને સરકારશ્રીના વખતો વખતના હુકમ અન્વયે ન્યાય નિર્ણય અર્થે તબદીલ કરેલ છે જેની અનુસુચી નીચે મુજબ છે.

### ઃ– અનુસુચી ઃ–

ઠાકોર વિનુજી ખોડાજીને પડેલા દીવસોના પગાર સહીત નોકરીમાં મુળ જગ્યાએ પુનસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

**(૨)** સદર રેફરન્સ અત્રેની અદાલતમાં સુપ્રત થતાં આ કામમાં પક્ષકારોને આંક–૨ થી સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલી જે તેઓને બજી ગયેલ હોવાનું જણાય છે. બીજા પક્ષકારે આંક–૭ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે. બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં વેરા વિભાગમાં કલાર્ક તરીકે ૧૩ વર્ષથી ખંત અને વફાદારીપુર્વક ફરજ બજાવતાં હતાં. બીજા પક્ષકારની નોકરીનો રેકર્ડ તદ્દન સ્વચ્છ અને ડાઘરહીતનો હતો. બીજા પક્ષકારને તેઓની નોકરી દરમ્યાન કયારેય કોઈ નોટીસ કે ચાર્જશીટ કે ઠપકો મળેલ નથી. બીજા પક્ષકારે છુટા કર્યાના અગાઉના ૧૨

માસમાં ૨૪૦ દિવસ ઉપરાંત ફરજો બજાવેલ હતી. બીજા પક્ષકારને લઘુતમ વેતન મુજબ માસીક પગાર ચુકવવામાં આવતો હતો. પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય, કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા સિવાય કે નોટીસ, ઈન્કવાયરી કે અન્ય કાર્ય કર્યા સિવાય મૌખિક હુકમથી નોકરીમાંથી છુટાં કરેલ છે. પ્રથમ પક્ષકારે છુટા કરતી વખતે લેખિત કે મૌખિક બચાવ કરવાની તક આપેલ નથી અને કિન્નાખોરીભર્યુ વર્તન કરી નીકળતા લાભો જેવા કે બોનસ, પગાર, હકક રજા વગેરે લાભોની માંગણી કરી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી કૃત્ય કરેલ છે. બીજા પક્ષકારને છુટા કર્યા બાદ અન્ય ઈસમને કામ પર રાખેલ છે. બીજા પક્ષકારને છુટા કર્યા બાદ ઘણી જગ્યાએ નોકરી માટે પ્રયત્નો કર્યા છે અને હાલમાં પણ ચાલુ છે પરંતુ ભીષણ બેકારીમાંકોઈ નોકરી મળી નથી તેમ જણાવી પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને તા.૦૬/૦૭/૧૭ ના રોજથી નોકરીમાંથી છુટાં કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવી બીજા પક્ષકારને તેમની મુળજગ્યાએ, સળંગ નોકરીથી પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તથા આ રેફરન્સના ખર્ચના રૂ.૫૦૦૦/– અપાવવા માંગણી કરેલ છે.

**(૩)** બીજા પક્ષકારના માંગણાના નિવેદન વિરૂધ્ધ પ્રથમ પક્ષકાર સંસ્થાએ આ કામમાં આંક–૯ થી લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં તેઓએ બીજા પક્ષકારના માંગણીના નિવેદનમાં જણાવેલી હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારનો કલમ–૨(એસ) માં કામદારની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર તેમજ તદ્દન હંગામી ધોરણે અને નિયમિત ભરતી થયેલ ના હોઈ બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવાને પાત્ર છે. બીજા પક્ષકારે હાલની ફરીયાદ તા.૧૧/૭/૧૭ના રોજ મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા સમક્ષ કરેલ અને તે સાથે ખોટી અને ઉપજાવી કાઢેલી હકીકતોવાળુ સોગંદનામું રજુ કરેલ છે. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કરેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાના તમામ કર્મચારીઓનો પગાર સને–૨૦૦૯–૧૦ થી એસ.બી.આઈ. માં જમા થતો હતો. સને–૨૦૧૪ માં આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં જમા થતો હતો અને જુલાઈ–૧૬ માં એકસીસ બેંકમાં જમા થતો હતો. બીજા પક્ષકાર સદર બેંકોની પાસબુકો નામ.કોર્ટમાં રજુ કરવાની માંગણી કરેલ છે. બીજા પક્ષકારે સંસ્થામાં કામ કરતા હોવાના એકપણ આધારભુત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી તેમ જણાવી બીજા પક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં જણાવેલી હકીકતો સત્યથી વેગળી હોઈ અને પ્રથમ પક્ષકારની સત્ય હકીકતોને ધ્યાને લઈ બીજા પક્ષકારનો રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા માંગણી કરેલ છે.

**(૪)** આ કામમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક–૧૦ થી અરજદારની સને–૨૦૦૯ થી આજદીન સુધી બેંક એકાઉન્ટની પાસબુક રજુ કરવા પુરસીસ રજુ કરેલ છે. સદર પુરસીસ ઉપર બીજા પક્ષકાર તરફે હવે પછીની મુદતમાં રજુ કરીશુ તેવો શેરો કરેલ છે.

**(૫)** સદર કામે બીજા પક્ષકાર તરફે આંક–૧૨ થી પુરાવા સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે જેઓની ઉલટ તપાસ પ્રથમ પક્ષકારના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર તરફે આંક–૧૫ થી મૌખિક પુરાવો પુરો થયેલ હોવાનું પુરસીસ આપી જાહેર કરેલ છે.

**(૬)** સદર કામે પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૭ થી પુરાવા સોગંદનામું રજુ કરેલ છે જેઓની ઉલટતપાસ બીજા પક્ષકારના વિ.પ્રતિનિધિશ્રી દ્વારા કરવામાં આવેલ છે. આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૯ થી

મૌખિક પુરાવો પુરો થયેલ હોવાનું પુરસીસ આપી જાહેર કરતા સદર કામ બંને પક્ષકારોની દલીલો પર રાખવામાં આવેલ.

**(૭)** આ કામમાં બીજા પક્ષકાર કામદાર તરફે વિ.પ્રતિનિધિશ્રી આર.કે.ચૌધરી દ્વારા મૌખિકમાં દલીલો કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે બીજા પક્ષકાર કામદારે માંગણાના નિવેદનમાં જણાવેલી હકીકતો પર ભાર તેમજ રજુ કરેલ સોગંદનામામાં જણાવેલ હકીકતો પર ભાર મુકેલ છે.

**(૮)** આ કામમાં પ્રથમ પક્ષકાર તરફે વિ.વકીલશ્રી વી.એસ.ત્રિવેદી દ્વારા મૌખિકમાં દલીલો કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે પ્રથમ પક્ષકારે લેખિત જવાબમાં જણાવેલી હકીકતો પર તેમજ રજુ કરેલ સોગંદનામામાં જણાવેલ હકીકતો પર ભાર મુકેલ છે.

**(૯)** આ કામે બંને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી. તેમજ પુરાવા સોગંદનામાં વંચાણે લીધા. આ કામમાં નીચે મુજબના મુદ્દા મારા ન્યાય નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

**// મુદ્દાઓ //**

**મુદ્દા નં.૧–** શું બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૦૬/૦૭/૨૦૧૭ ના રોજ ગેરવ્યાજબી અને ગેરકાયદેસર રીતે કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂદ્ધ તથા આઈ. ડી. એકટની જોગવાઈઓનો ભંગ કરીને નોકરીમાંથી છુટા કરેલ હોવાનું પુરવાર થાય છે કે કેમ?

**મુદ્દા નં. ૨–** શું બીજા પક્ષકાર કામદાર તેમની મુળ જગ્યાએ, સળંગ નોકરીથી પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત થવા માટે હકકદાર થાય છે કે કેમ?

**મુદ્દા નં.૩ –** શો હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

મુદ્દા નં.૧– નકારમાં.

મુદ્દા નં.૨– નકારમાં.

મુદ્દા નં.૩– છેવટના હુકમ મુજબ.

**// કારણો //**

**(૧૦) મુદ્દા નં.૧ –**

આ કેસની સમગ્ર હકીકત જોતાં બીજા પક્ષકાર કામદારનો કેસ એવો છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં વેરા વિભાગમાં કલાર્ક તરીકે ૧૩ વર્ષથી ખંત અને વફાદારીપુર્વક ફરજ બજાવતાં હતાં. બીજા પક્ષકારે છુટા કર્યાના અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંત ફરજો બજાવેલ હતી. બીજા પક્ષકારને લઘુતમ વેતન મુજબ માસીક પગાર ચુકવવામાં આવતો હતો. પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય, કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા સિવાય કે નોટીસ, ઈન્કવાયરી કે અન્ય કાર્ય કર્યા સિવાય મૌખિક હુકમથી નોકરીમાંથી છુટાં કરેલ છે. પ્રથમ પક્ષકારે છુટા કરતી વખતે લેખિત કે મૌખિક બચાવ કરવાની તક આપેલ નથી અને કિન્નાખોરીભર્યુ વર્તન કરી નીકળતા લાભો જેવા કે બોનસ, પગાર, હકક રજા વગેરે લાભોની માંગણી કરતા પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તા.૬/૭/૧૭ ના રોજથી નોકરીમાંથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરેલ હોઈ પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને

તેમની મુળજગ્યાએ, સળંગ નોકરીથી પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરે તેવી માંગણી કરેલ છે.

જયારે પ્રથમ પક્ષકાર સંસ્થાનો કેસ એવો છે કે બીજા પક્ષકારનો કલમ–૨(એસ) માં કામદારની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર તેમજ તદ્દન હંગામી ધોરણે અને નિયમિત ભરતી થયેલ ના હોઈ બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવાને પાત્ર છે. બીજા પક્ષકારે હાલની ફરીયાદ તા.૧૧/૭/૧૭ના રોજ મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા સમક્ષ કરેલ અને તે સાથે ખોટી અને ઉપજાવી કાઢેલી હકીકતોવાળુ સોગંદનામું રજુ કરેલ છે. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કરેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાના તમામ કર્મચારીઓનો પગાર સને–૨૦૦૯–૧૦ થી એસ.બી.આઈ. માં જમા થતો હતો. સને–૨૦૧૪ માં આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં જમા થતો હતો અને જુલાઈ–૧૬ માં એકસીસ બેંકમાં જમા થતો હતો. બીજા પક્ષકાર સદર બેંકોની પાસબુકો નામ.કોર્ટમાં રજુ કરવાની માંગણી કરેલ છે. બીજા પક્ષકારે સંસ્થામાં કામ કરતા હોવાના એકપણ આધારભુત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી તેમ જણાવી બીજા પક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં જણાવેલી હકીકતો સત્યથી વેગળી હોઈ અને પ્રથમ પક્ષકારની સત્ય હકીકતોને ધ્યાને લઈ બીજા પક્ષકારનો રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા માંગણી કરેલ છે.

**(૧૦.૧)** હવે આ તબકકે મારે સૌ પ્રથમ એ નકકી કરવાનું છે કે શું બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ ગેરવ્યાજબી અને ગેરકાયદેસર રીતે, કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂદ્ધ તેમજ આઈ.ડી. એકટની જોગવાઈનો ભંગ કરીને નોકરીમાંથી છુટા કરેલ હોવાનું પુરવાર થાય છે કે કેમ? આ બાબતે જોઈએ તો બીજા પક્ષકાર કામદારે માંગણાના નિવેદનમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતો પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી બીજા પક્ષકાર કામદારની છે અને જયાં સુધી બીજા પક્ષકાર કામદાર માંગણાના નિવેદનમાં જણાવેલી હકીકતોને આ કામમાં દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરે નહી ત્યાં સુધી બીજા પક્ષકાર કામદાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબની દાદ માંગવા કે મેળવવા હકકદાર થાય નહી. આ કેસનું રેકર્ડ જોતાં એ નિર્વિવાદ હકીકત છે કે બીજા પક્ષકાર કામદારે માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતોને પુરવાર કરવા માટે આ કામમાં કોઈ લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી અને માંગણાના નિવેદનમાં જણાવેલી હકીકતોને પુરવાર કરેલ નથી. બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં સતત અને સળંગ ફરજો બજાવેલ હોવાનું અને દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ દિવસ કામગીરી કરેલ હોવાનું પુરવાર કરવા માટે આ કામમાં કોઈ લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી અને માંગણાના નિવેદનમાં જણાવેલી હકીકતોને પુરવાર કરેલ નથી. બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી જગ્યા ઉપર કાયમી ધોરણે ફરજ બજાવતા હોવાનું પુરવાર કરવા માટે આ કામમાં કોઈ લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. બીજા પક્ષકારે તેઓને છુટા કર્યા બાદ અન્ય જગ્યાએ નોકરી મેળવવા માટે પ્રયત્નો કરેલ પરંતુ કોઈપણ જગ્યાએ નોકરી મળેલ નથી અને હાલ તેઓ બેકાર હોવાનું તેમજ બીજા પક્ષકાર સંસ્થામાં જે કામગીરી કરતા હતા તે કામગીરી હાલમાં ચાલુ હોવાનું તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ છે. બીજા પક્ષકારે કઈ જગ્યાએ નોકરી માટે પ્રયત્નો કર્યા તે અંગે કોઈ લેખિત કે દસ્તાવેજી પુરાવા રજુ કરી સદર હકીકત પુરવાર કરેલ નથી. બીજા પક્ષકાર જે કામગીરી કરતા હતા તે કામગીરી હાલમાં ચાલુ હોવા

બાબતની હકીકત બીજા પક્ષકારે લેખિત દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ નથી તેમજ બીજા પક્ષકાર કામદાર પ્રત્યે કોન્નાકોરીભર્યુ વર્તન કરીને નોકરીમાંથી છુટા કરેલ છે તેવી કોઈ હકીકત બીજા પક્ષકાર કામદારે આ કામમાં દસ્તાવેજી પુરાવા રજુ કરીને પુરવાર કરેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાએ જવાબમાં જે બચાવ લીધેલ છે તે બચાવ ખોટો હોવાનું પુરવાર કરવા માટે અને બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર તરીકે કામ કરતા ન હતા પરંતુ કાયમી કામદાર હતા અને બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ દિવસ કામગીરી કરેલ હોવાનું પુરવાર કરવા માટે પણ બીજા પક્ષકાર કામદારે આ કામમાં કોઈ લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરીને પ્રથમ પક્ષકાર સંસ્થાએ જવાબમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતો ખોટી હોવાનું પુરવાર કરેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાએ જવાબમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતો ખોટી હોવા બાબતે બીજા પક્ષકાર કામદારે આ કામમાં લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી કે અન્ય કોઈ પણ રીતે આ હકીકતો ખોટી હોવાનું પુરવાર કરેલ નથી. બીજા પક્ષકારે તેઓની દલીલોમાં માંગણાના નિવેદનમાં જણાવેલી હકીકતોને વળગી રહેલ છે. બીજા પક્ષકાર કામદારે તેમના માંગણાના નિવેદનમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતોને આંક-૧૨ થી જુબાનીના સોગંદનામા દ્ધારા સમર્થન આપેલ છે. આ જુબાનીના સોગંદનામાના સમર્થનમાં પણ બીજા પક્ષકાર કામદારે કોઈ લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી અને માંગણાના નિવેદનમાં જણાવેલી હકીકતોને પુરવાર કરેલ નથી. આ જુબાનીના સોગંદનામાની ઉલટતપાસ પ્રથમ પક્ષકાર સંસ્થાના વિ.વકીલશ્રી દ્ધારા કરવામાં આવેલ છે. આ ઉલટ તપાસને જોવામાં આવે તો તેમાં તેઓએ જણાવેલ છે કે "હું વિસનગર નગરપાલિકામાં તા.૨૬/૧૧/૧૯૮૭ ના રોજ જકાતનાકેદાર તરીકે જોડાયેલ. એ વાત ખરી છે કે મારી ભરતી થયેલ તે સમયે મારો ઈન્ટરવ્યુ લેવામાં આવેલ. એ વાત ખરી નથી કે મે અરજી કરેલ ત્યારબાદ ઈન્ટરવ્યુ થયેલા. એ વાત ખરી છે કે હુ ઈન્ટરવ્યુમાં પાસ થયેલ ત્યારબાદ સંસ્થાએ મને કોઈ એપોઈન્ટમેન્ટ લેટર આપેલ નહી. જકાતનાકા બંધ થયા બાદ વિસનગર નગરપાલિકાએ તરત જ અમોને રોજમદાર તરીકે ઘરવેરા દફતરમાં નોકરી આપેલી. વર્ષ મને યાદ નથી. એ વાત ખરી નથી કે રોજમદાર તરીકે મને ભરતી આપેલ ત્યારે મારો પગાર બેંકના ખાતામાં જમા થતો હતો. એ વાત ખરી નથી કે સને-૨૦૧૦ માં એસ.બી.આઈ., સને-૨૦૧૪ માં આઈ.સી.આઈ.સી.આઈ.ના ખાતામાં તેમજ સને-૨૦૧૬ માં એકિસસ બેંકના ખાતામાં અમારો પગાર જમા થતો હતો. એ વાત ખરી છે કે અમને જયારે રોજમદાર તરીકે દફતરમાં લીધેલ તે સમયે કોઈ નિમણુંક પત્ર આપેલ નહી સીધા સીધા અમને ત્યાં લઈ લીધેલ. એ વાત ખરી છે કે હુ રોજમદાર તરીકે કામ કરતો હતો તેટલા દિવસનો પગાર અમને મળતો હતો. સને-૨૦૧૭ માં મને માધવલાલ શંકરલાલ સીનીયર કલાર્કે મૌખિક હુકમથી છુટા કરેલા."

**(૧૦.૨)** આમ બીજા પક્ષકાર કામદારની ઉલટતપાસ જોવામાં આવે તો પણ બીજા પક્ષકાર કામદારે સંસ્થામાં સતત અને સળંગ ફરજ બજાવેલ હોય અને ૨૪૦ દિવસની કામગીરી કરેલ હોય તેવો કોઈ પુરાવો બીજા પક્ષકાર કામદારે આ કામે રજુ કરેલ નથી. બીજા પક્ષકાર કામદારની નિમણુંક સરકારશ્રીના ભરતીના નિયમોનુસાર થયેલ હોવાનો પણ બીજા પક્ષકારે પુરાવો રજુ કરીને પુરવાર કરેલ નથી. તે જોતાં બીજા પક્ષકાર કામદારે માંગણાના નિવેદનમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતો પુરવાર થતી નથી. વધુમાં બીજા પક્ષકારે તેઓની ઉલટતપાસમાં તેઓના પગાર સને-૨૦૧૦ માં એસ.બી.આઈ., સને-૨૦૧૪ માં

આઈ.સી.આઈ.સી.આઈ.ના ખાતામાં તેમજ સને–૨૦૧૬ માં એકિસસ બેંકના ખાતામાં થતો હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. જયારે તેની સામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૧૦ થી બીજા પક્ષકારના સને–૨૦૦૯ થી આજદીન સુધી બેન્કની પાસબુકો રજુ કરે તે બાબતની પુરસીસ આપેલ છે. સદર પુરસીસ ઉપર બીજા પક્ષકારે હવે પછીની મુદતમાં રજુ કરીશુ તેવો શેરો કરેલ છે. પરંતુ ત્યારબાદ આજદીન સુધી બીજા પક્ષકાર તરફે આવો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં બીજા પક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકત પુરવાર કરવામાં બીજા પક્ષકાર નિષ્ફળ ગયેલ છે. આમ બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૦૬/૦૭/૨૦૧૭ના રોજ મૌખિક હુકમથી, ગેરવ્યાજબી અને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોય તેવું બીજા પક્ષકાર કામદારે પુરવાર કરેલ નથી. બીજા પક્ષકાર કામદારને છુટા કર્યા તેની અગાઉના ૧૨ માસ દરમ્યાન બીજા પક્ષકાર કામદારે ૨૪૦ દિવસ કામગીરી કરેલ હોય તેવું બીજા પક્ષકાર કામદારે દસ્તાવેજી પુરાવા રજુ કરીને પુરવાર કરેલ નથી. એટલુ જ નહી બીજા પક્ષકાર તરફે પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે દસ્તાવેજો મંગાવતી અરજી પણ કરેલ નથી અને તે રીતે પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને ગેરવ્યાજબી, ગેરકાયદેસર રીતે, કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂદ્ધ તેમજ આઈ.ડી. એકટની જોગવાઈઓનો ભંગ કરીને તા.૦૬/૦૭/૨૦૧૭ ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ હોવાનું પુરવાર કરેલ નથી.

**(૧૦.૩)** પ્રથમ પક્ષકાર સંસ્થાએ જવાબમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતોના સમર્થનમાં આ કામમાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૧૭ થી જુબાનીનું સોગંદનામું રજુ કરેલ છે. આ જુબાનીના સોગંદનામામાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ જવાબમાં જણાવેલી હકીકતને સમર્થન આપેલ છે. પ્રથમ પક્ષકારના સાક્ષીની ઉલટતપાસ બીજા પક્ષકાર કામદારના વિ.પ્રતિનિધિશ્રી દ્વારા કરવામાં આવેલ છે. આ ઉલટતપાસને જોવામાં આવે તો તેમાં તેઓએ એવું જણાવેલ છે કે હું નગરપાલિકામાં ચીફ ઓફિસરના હોદ્દા પર તા.૧૧/૦૭/૨૦૨૨ થી નોકરી કરૂ છુ. બીજા પક્ષકાર અમારી સંસ્થામાં નોકરી કરતા હતા તે વાતનો મને ખ્યાલ નથી. એ વાતની મને ખબર છે કે જકાતનાકુ બંધ થઈ ગયેલ છે. એ વાતની મને ખબર નથી કે સદર જકાતનાકુ બંધ થયે ત્યાના કામદારોનો સમાવેશ નગરપાલિકામાં અન્ય જગ્યાએ કરેલ. એ વાતની મને ખબર નથી કે સદર કેસના બીજા પક્ષકાર જકાતનાકુ બંધ થયા પછી પણ નગરપાલિકામાં ટ્રાન્સફર થયા હતા. એ વાત ખરી છે કે કામદારને છુટા કરતી વખતે સંસ્થાએ કોઈ લાભો ચુકવેલ નથી. એ વાતની મને ખબર નથી કે કામદાર કાયમી કર્મચારી છે કે હંગામી તેના લગત કોઈ પુરાવો સદર કેસમાં રજુ કરેલ છે કે કેમ. આમ આ તમામ હકીકતો જોતાં આ સાક્ષીએ ઉલટતપાસ દરમ્યાન પણ પ્રથમ પક્ષકાર સંસ્થાએ જવાબમાં જે હકીકતો જણાવેલ છે તેનાથી વિપરીત કોઈ બાબત બીજા પક્ષકાર પુરવાર કરાવી શકેલ નથી. આમ સદર હકીકત જોતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને તા.૦૬/૦૭/૨૦૧૭ ના રોજથી મૌખિક હુકમથી ગેરવ્યાજબી અને ગેરકાયદેસર રીતે, કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂદ્ધનું તથા આઈ.ડી.એકટની જોગવાઈનો ભંગ કરીને નોકરીમાંથી છુટા કરેલ હોવાનું પુરવાર થતું નથી. આ તમામ બાબતોને જોતાં બીજા પક્ષકાર કામદાર તેઓનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ બીજા પક્ષકાર કામદારના વિ.પ્રતિનિધિશ્રી દ્વારા દલીલોમાં જે હકીકતો જણાવેલ છે તે ગ્રાહ્ય રાખવી જોઈએ નહી તેવું મારૂ સ્પષ્ટપણે માનવું છે. જયારે

પ્રથમ પક્ષકાર સંસ્થાના વિ.વકીલશ્રીએ જવાબમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતોને પુરાવા સોગંદનામાથી પુરવાર કરેલ છે તેથી પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓના જવાબમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતો ગ્રાહ્ય રાખવી જોઈએ તેવું મારૂ સ્પષ્ટપણે માનવું છે અને તેથી મુદ્દા નં.૧ નો મારો જવાબ હું નકારમાં આપું છુ.

**(૧૧) મુદ્દા નં.૨ –**

પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને તા.૦૬/૦૭/૨૦૧૭ ના રોજ મૌખિક હુકમથી ગેરવ્યાજબી અને ગેરકાયદેસર રીતે કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂદ્ધ તેમજ આઈ.ડી.એકટની જોગવાઈઓનો ભંગ કરીને નોકરીમાંથી છુટા કરેલ હોવાનું પુરવાર થતું ન હોઈ બીજા પક્ષકાર કામદાર તેમની મુળ જગ્યાએ, સળંગ નોકરીથી, પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત થવા માટે હકકદાર થતા નથી કે બીજી કોઈપણ દાદ માંગવા કે મેળવવા માટે હકકદાર થતાં નથી અને તેથી બીજા પક્ષકાર કામદારનો આ રેફરન્સ રદ થવાને પાત્ર હોઈ મુદ્દા નં.૨ નો મારો જવાબ હું નકારમાં આપું છુ અને આ કામે નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

## – હુકમ –

(૧) બીજા પક્ષકાર કામદારનો રેફરન્સ રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

મહેસાણા

તા.૧૭/૦૩/૨૦૨૬

(મીમાંશા મહેશ અગ્રવાલ)
GJ01382
પ્રમુખ અધિકારી,
શ્રમ અદાલત, મહેસાણા.